કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે અશ્વિનભાઈ કોમર્સ કોલેજ પરિસરમાં 'યાહુ ર કે..' નામક સાંસ્કૃતિક કાર્યક્રમનું તા. ૪ અને ૫ જાન્યુઆરી દરમિયાન આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ફોક ડાન્સ, વેસ્ટર્ન ડાન્સ, નાટક, મીમીક્રી જેવી રંગમંચ લક્ષી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ભવ્ય વિજય

વિપુલ પ્રજાપતિ મેન ઓફ ધ સીરીઝ : બંકીમ ચૌધરી બેસ્ટ બોલર ઉપરાંત ફાઈનલના મેન ઓફ ધ મેચ બન્યા

ગાંધીનગરના સે. ૨૧ના જીમખાના ખાતે રમાઈ રહેલ સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધાની ફાઈનલ મેચમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો સાત વિકેટે ભવ્ય વિજય થયો હતો. આ ફાઈનલ મેચ આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ અને માર્ગ-મકાન વિભાગ વચ્ચે રમાઈ હતી. માર્ગ અને મકાન વિભાગની ટીમ પ્રથમ દાવ લેતા ૩૧.૩ ઓવરમાં માત્ર ૯૭ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. તેનો એક પણ બેટ્સમેન ૨૦ રન બનાવી શક્યો નહોતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ તરફથી બંકિમ ચૌધરીએ માત્ર ૧૯ રન આપી ત્રણ વિકેટ ખેરવી હતી. મનોજ વાઘ અને જેબી પટેલે ૨-૨ વિકેટ ઝડપી હતી.

આરોગ્ય-પરિવાર કલ્યાણ વિભાગે જવાબમાં માત્ર ત્રણ વિકેટ ગુમાવી ૨૪ ઓવરમાં ૯૯ રન કરતા વિજય મેળવ્યો હતો. વત્સલ વોરાએ ૩૮ રન ફટકારી જીતમાં પ્રમુખ યોગદાન આપ્યું હતું. જો કે માર્ગ મકાન વિભાગના મેઘરાજ સોલંકીએ ૭ રનમાં બે વિકેટ ઝડપી હતી. બેસ્ટ બોલર તેમજ આ મેચમાં બંકિમ ચૌધરીને મેન ઓફ મેચ અને સ્પર્ધામાં વિપુલ પ્રજાપતિને મેન ઓફ ધ સીરીઝ એનાયત કરાયા હતા.

વણકર સમાજના મતભેદો સપાટી પર આવે છે : વિચારધારામાં ઊભા બે ફાડિયા

સમાજના ભાગલા ન પડે તે સમાજે વિચારવુ પડશે

ગાંધીનગર, તા. ૬

સમસ્ત વણકર સમાજ દ્વારા ગાંધીનગરમાં આવેલ સત્યાગ્રહ છાવણી ખાતે વણકર ભવન બનાવવા માટે જમીન મેળવવા આંદોલન કરવામાં આવ્યું છે. આંદોલનમાં સમાજના ખરાબ તત્વો પૂર્વગ્રહથી પીડાતા હોવાથી સમાજને બદનામ કરી રહ્યા છે. તેમ સમાજના અગ્રણીઓએ જણાવ્યું છે. સત્યાગ્રહ છાવણી ખાતે જમીન મેળવવા વણકર સમાજ છેલ્લા એક મહિના ઉપરાંતથી આંદોલન કરવામાં આવી રહ્યું છે. ત્યારે સમાજના વિઘ્નસંતોષીઓ દ્વારા સમાજને અને સમાજના મોભીઓને બદનામ કરવાનો કારસો રચવામાં આવ્યો છે.

વણકર સમાજના મુલચંદ રાણા પૂર્વ સદસ્ય ગુજરાત જાહેર સેવા આયોગ, મધુકર પરમાર, પ્રમુખ વણકર સમાજ, ઝવેરભાઈ ચાવડા, ચેરમેન, સંદીપ જ્યોતીકર કાઉન્સીલર અને ગોવિંદભાઈ પરમાર કાઉન્સિલર દ્વારા સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે કે, જમીન લેવી હોય તો મહેસુલ મંત્રી પાસે જવુ પડે. મુખ્યમંત્રી પાસે રજુઆત કરવી પડે ત્યારે સમાજના એક માત્ર મંત્રી રમણલાલ વોરાને બદનામ કરવાનું કારણ શું?

તેમણે વધુમાં જણાવ્યું છે કે, પ્રમોદભાઈ પરમાર પોતે ઉપવાસ ઉપર નહી બેસીને ૭૫ વર્ષના વૃદ્ધોને બેસાડવાને કારણે કોઈની તબીયત લથડી પડશે કે તેમને નુકશાન થશે તો પ્રમોદભાઈ ભરપાઈ કરશે ખરા?

સે-૨૨ મહિલા સિવણ વર્ગ ખાતે જાણીતા રસોઈ વિશેષજ્ઞ પ્રિતીબેન ઠકકર દ્વારા એક રસોઈ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

નાની દશકોશી વણકર સમાજનો સ્નેહમિલન યોજાયો

ગાંધીનગર, તા. ૬

નાની દશકોશી વણકર જ્ઞાતિ સમાજ અમદાવાદ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન અને સમાજનો સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. સ્નેહમિલન સમારોહમાં સમાજના ધોરણ ૮ થી ૧૨ માં અને સ્નાતક કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવેલ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. સમારોહમાં સમાજના પોલીસ કર્મચારીઓને પણ સન્માનવામાં આવ્યા હતા.

મકરસંક્રાતિ પહેલા ખેડૂતોની માંગણી નહી સંતોષાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરાશે

ખેડૂતોના કૃષિ વિષયક વિજ જોડાણમાં મીટર પ્રથા નાબૂદ કરવા અને ખાતરમાં વેટ નાબૂદી કરી સબસીડી ઉપરાંત વીમા સહાય-પેન્શન જેવી પડતર માંગણીઓ અંગે ખેડૂત હિતરક્ષક મંડળની લાલ આંખ

ગાંધીનગર, તા.૬

ગુજરાત ખેડૂત હિતરક્ષક મંડળ દ્વારા ખેડૂતોના પ્રશ્નની સરકારમાં વારંવાર રજૂઆતો કરવા છતાં સરકાર દ્વારા કોઈ જ નકકર પગલાં ના લેવાતા મકરસંક્રાતિ સુધીમાં જો તમામ પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી આપેલ છે.

ખેડૂતોના પડતર પ્રશ્નો જેવા કે કૃષિ વિષયક વિજ જોડાણમાં મીટર પ્રથા નાબૂદ કરી પ્રતિ એચ.પી. રૂ. ૪૦૦ પ્રમાણે સમાન વીજ દર કરવો, વિજ જોડાણમાં વારસાઈમાં પ્રતિ હોર્સ પાવર ફી રદ કરી વારસાઈ કરવી, ખેતીની જમીનમાં પાણી પત્રક તલાટીની હાજરીમાં અવશ્ય કરવું જે છેલ્લા પાંચ વર્ષથી બંધ છે, નવી શરતની જમીન જૂની શરતમાં સરકારે પ્રિમીયમ સિવાય કરી દેવી અને ઉતારામાં જૂની શરત લખવી, ખાતરમાં વેટ નાબૂદી કરી સબસીડી આપવી, કેન્દ્ર સરકાર ન કરે તો રાજય સરકારે કપાસની ખરીદી કરવી, ટ્રેકટર-ટ્રેલરનો પાસીંગ ટેક્ષ અને વેટ નાબૂદ કરવો, શાકભાજીમાં તળિયાના ભાવ નક્કી કરવા, દૂધમાં પ્રતિ લીટરે રૂ. ૧૦ની ખેડૂતને સહાય આપવી, સંઘો પરનું નિયંત્રણ હટાવવું જેવા મુદ્દાનો સમાવેશ હિતરક્ષક મંડળ દ્વારા કરાયો છે.

આ ઉપરાંત ખેડૂત અથવા ખેતમજૂરને ઝેરી જાનવર કરડે, ઝાડ પરે કે વિજળી ત્રાટકે અથવા થ્રેસર કે ટ્રેકટર અકસ્માત જેવા બનાવોમાં ખેડૂતનું મૃત્યુ થાય તો રૂપિયા દસ લાખની અકસ્માત સહાય આપવી અને ખેડૂત ખેત મજૂરોને ૫૮ વર્ષ પછી સરકારે માસિક ૫૦૦૦ રૂપિયાનું પેન્શન આપવા અંગે પણ માંગણી કરાઈ છે.

ખેડૂત હિતરક્ષક મંડળે આજે ઉપરોકત તેમની તમામ માંગણીઓ જો ૧૪મી જાન્યુઆરી સુધીમાં ઉકેલવામાં નહીં આવે તો ખેડૂતોને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ અખબારી યાદીમાં ઉચ્ચારી છે.

સે. ૨૮ કલ્પતરૂ કંપનીમાં કામ કરતા યુવાન પર લોખંડની પાઈપ પડતાં મોત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જી.આઈ.ડી.સી.માં આવેલ કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમીટેડ કંપનીના ગેલ્વેનાઈઝ વિભાગમાં કામ કરતા યુવાન પર ક્રેઈનની ટોચ પરથી લોખંડની પાઈપ સ્લીપ થતાં નીચે પડી હતી. તેનાથી ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેનું સારવાર દરમિયાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કરૂણ મોત નિપજ્યું હતું. આ સંદર્ભે સેકટર-૨૧ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર તાલુકાના દોલારાણા વાસણા ગામે પ્રાથમિક શાળા પાસે રહેતો ૩૦ વર્ષીય યુવાન દિગ્વિજયસિંહ દશરથસિંહ રાઠોડ ગાંધીનગર સ્થિત સે. ૨૮ જી.આઈ.ડી.સી.માં આવેલ કલ્પતરૂ કંપનીમાં નોકરી કરે છે. આજે નિયત સમયે દિગ્વિજયસિંહ નોકરીએ ગયો હતો અને ગેલ્વેનાઈઝ વિભાગમાં કામ કરી રહ્યા હતો ત્યારે પ્લાન્ટની અંદર અચાનક જ યુવાનની પર ક્રેઈનની ટોચ પરથી લોખંડની પાઈપ તુટી પડી હતી. વજનદાર લોખંડની પાઈપ પડી હતી પરિણામે યુવાનને પીઠના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી.

આથી તુરંત ઘાયલ યુવકને કંપનીની એમ્બ્યુલન્સમાં સારવાર અર્થે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું. આ સંદર્ભે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ સે. ૨૧ પોલીસમથકના પી.એસ.આઈ. સી.આર. પરમાર ચલાવી રહ્યા છે.

ઘરમાં ઘૂસી લૂંટ કરનાર કોલવડાનો શખ્સ ઝબ્બે

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૨૪ આવેલા અભિષેક એપાર્ટમેન્ટમાં રહેતા રણવિરસિંહને ત્યાં જમીનના કાગળ માંગવા બાબતે આવેલા બે શખ્સોએ મારામારી કરી રણવિરસિંહના ગળામાંથી ૨૫ હજાર રૂપિયાના સોનાના દોરાની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટના સંદર્ભે આજે એલ.સી.બી. પોલીસ દ્વારા એક શખ્સની ધરપકડ કરવામાં આવી હતી અને તેના વિરુધ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામમાં રહેતો કુલદિપસિંહ કરણસિંહ રાણા અને જયદીપ ઉર્ફે બાદશાહ એમ બે જણા ગત ૨૮મી ડિસે.ના રોજ મોડી સાંજે સે-૨૪માં આવેલા અભિષેક એપાર્ટમેન્ટમાં રહેતા રણવિરસિંહ રાણાના ઘેર આવ્યા હતા. આ બંને શખ્સોએ ૭/૧ ના જમીનના ઉતારા કેમ આપતો નથી તેવું કહી રણવિરસિંહ સાથે ઝઘડો કરીને તેને ઢોર માર માર્યો હતો અને રૂ. ૨૫ હજારની કિંમતનો સોનાનો દોરો લૂંટી ને ફરાર થઈ ગયા હતા. જે અંગે રણવિરસિંહે સે-૨૧ પોલીસ મથકમાં આ બંને શખ્સો વિરુધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તેમની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન ગાંધીનગર એલ.સી.બી. પોલીસને ફરાર શખ્સ કુલદિપસિંહ રાણાની ખાનગી બાતમી મળતા પોલીસે તેને ઝડપી પાડી સે-૨૧ પોલીસને સોંપી દીધો હતો.

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારની કારોબારીની રચના કરાઈ

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા સમાજને વેગવંતો બનાવવા માર્ગદર્શન શિબિર તેમજ સમાજની કારોબારીની વરણી કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારના પ્રમુખ કિરીટભાઈ શાહના પ્રમુખ સ્થાને મિટીંગ યોજવામા આવી હતી. મીટીંગમાં અલગ અલગ વિભાગોમાં વહેંચાયેલા સમાજને સંગઠીત થવા આહવાન કરવામાં આવ્યું હતું તેમજ સમાજના આર્થિક રીતે નબળા કુટુંબને સહાય કરવા જણાવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર જિલ્લા પ્રમુખ તરીકે પ્રકાશ શાહ, ગાંધીનગર મહામંત્રી તરીકે કનુભાઈ શાહ-કલોલ, ગાંધીનગર શહેર તાલુકા પ્રમુખ તરીકે જશવંત ગાંધી, મહામંત્રી તરીકે દિપક ગઢીયા, કલોલ તાલુકા પ્રમુખ તરીકે રમેશ કોઠારી, મંત્રી તરીકે રાજેન્દ્ર શાહ તેમજ દહેગામ તાલુકા પ્રમુખ તરીકે પિયુષભાઈ શાહ અને મંત્રી તરીકે રોહિત શાહની વરણી કરવામાં આવી હતી.

ચિલોડા મોટા ખાતે ઉત્તરાયણ નિમિત્તે ૨૦૦ કિલોના કૂતરા માટેના લાડુ બનાવ્યા

શ્વાન માટે ૨૦૦ કિલોના લાડુનું મિષ્ઠાન : ચિલોડા ગામમાં દર વર્ષે ઉત્તરાયણ નિમિત્તે દાન-પુણ્યનો મહિમા વધતો જાય છે. હાલમાં કડકડતી ઠંડીમાં મુંગા પ્રાણીઓને ચોખ્ખા ઘીના લાડું ખવડાવવાથી અનેક રીતે રાહત મળે છે. જેમાં નાના ગલુડીયાંઓને ઠંડીમાં વધુ હુંફ મળે તવા હેતુસર ચિલોડા ગામના સેવાભાવી યુવાનો દ્વારા ઉત્તરાયણ નિમિત્તે આર્થિક ફાળો ઉઘરાવી સંયુકત રીત રામજી મંદિરના પટાંગણમાં કૂતરાઓ માટેના લાડુ જાતે રસપૂર્વક બનાવતા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. ગ્રામજનોની મદદથી એકત્રિત ફંડ ફાળા દ્વારા લાડુ બનાવામાં મદદરુપ થઈ દાન પુણ્ય મેળવવા ભારે ઉત્સાહ દર્શાવી રહ્યા છે. (તસવીર : નટુભાઈ ચિલોડા)

વિવિધ શાળાઓનાં ટ્રસ્ટીશ્રીઓ અને આચાર્યોની ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન સે-૨૩ ગાંધીનગર ખાતે તાજેતરમાં પ્રો. વીણાબેન પટેલનાં ડાયરેકટર પદ હેઠળ શિક્ષણનાં નવા અભિગમોની જાણકારી પ્રાપ્ત થાય તે હેતુથી વિવિધ શાળાઓનાં ટ્રસ્ટીશ્રીઓ અને આચાર્યોની એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પ્રો. વીણાબેન પટેલે સ્કૂલ ડેવલપમેન્ટ માટે મેનેજમેન્ટ, આચાર્ય, શિક્ષક, વાલી અને વિદ્યાર્થી બધા પરિબળો મજબૂત હોય તો શિક્ષણનો ગ્રાફ ઉંચો લાવી શકાય છે તેમ જણાવ્યું હતું. ત્યાર બાદ ડૉ. રાજેશ શર્માએ ઉત્તમ શાળાની ઓળખ કોને આપી શકાય? તેની ઊંડાણ પૂર્વક માહિતી આપી હતી તેમજ ઉપસ્થિત રહેલાં તમામ આચાર્યો અને ટ્રસ્ટીશ્રીઓએ ચર્ચામાં ઉમળકાભેર ભાગ લઈ પોતાનાં બહુમૂલાં ચિંતનો રજુ કરીને કાર્યક્રમને આવકાર્યો હતો.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૮
સૂર્યાસ્ત : ૫.૫૯

તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૦૭.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૨૭ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શોલે- ડી : ૯.૪૦, ૧.૪૦, ૫.૪૦, ૯.૪૦
: સ્ક્રીન-૨ :
મી. જોઈ બી કારવલ હો : ૧૦.૧૦, ૧૨.૪૦, ૩.૧૦, ૫.૪૦, ૮.૧૦, ૧૦.૪૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૨૫, ૨.૫૫, ૬.૨૫, ૯.૫૫
: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૧૦, ૭.૪૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
મી. જોઈ બી. કારવલ હો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
શોલે : ૧૦.૦૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૫, ૧.૩૦, ૫.૩૦, ૯.૩૦

સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦
: સ્ક્રીન-૨ :
આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો, તો સફળતા જરૂરથી મળશે. સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

વૃષભ : સંતાનપક્ષ તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. કોઈની બાબતમાં અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

મિથુન : માનસિક અસ્થિરતા દૂર થશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

કર્ક : વિદ્યાર્થીઓએ શિક્ષા પ્રત્યે ખાસ ધ્યાન આપવું પડશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : નિર્ણયો ખાનગી રાકવા જરૂરી છે. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

કન્યા : અટકેલા કામ પૂરા થવાની સંભાવના છે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

તુલા : માન-સન્માનમાં વૃદ્ધિ થશે. આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

મકર : અધ્યયનમાં મન પરોવાશે. સંપત્તિની ખરીદી થઈ શકે છે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

કુંભ : પ્રયત્ન કરવા પર કાર્યોમાં સફળતા મળશે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

મીન : બિનજરૂરી કર્યોથી દૂર રહેવું . મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં ઉન્નતિ થશે. કોઈ અગત્યના કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

ચિરવિદાય

- સ્વ. મણીબેન કચરાભાઈ સેનમા (ઉ.વ. ૯૦) બ્લોક નં. ૬૯/૮, ચ-૨-કેટેગરી, સેકટર-૭, ગાંધીનગર.
- સ્વ. હિરાબેન ખેંગારભાઈ પરમાર (ઉ.વ. ૬૪) પ્લોટ નં. ૩૭૫/૧, સેક્ટર-૨બી, ગાંધીનગર.
- સ્વ. રાણાજી રામાજી વણઝારા (ઉ.વ. ૭૫) મુ.ગોકુલપુરા છાપરા, સેક્ટર-૧૪, ગાંધીનગર.